# સુરત મહાનગરપાલિકા

## અખબારી યાદી

પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી ૮(પાલનપુર) ફા પ્લોટ નં. ૨૦ માં આવેલ સ્વામિનારાયણ એપાર્ટમેન્ટ બ્લોક નં. એ, બી બિસ્માર હોય, જે વસવાટ ખાલી કરવા અંગે અત્રે ની કચેરીએથી વારંવાર નોટીસ આપી તથા રૂબરૂમાં જણાવવા છતાં વસવાટ ખાલી ન કરતાં આજરોજ ગ્રાઉન્ડ ફ્લોર+૪ માળનાં બિલ્ડિંગમાં ૫૦ ફ્લેટના અંદાજે ૨૫૦ જેટલા રહેવાસીઓ ધરાવતી બિલ્ડિંગના પાણી અને ડ્રેનેજની સુવિધાના જોડાણ કાપી નાખવામાં આવેલ છે તથા સદરહુ બિલ્ડિંગ વસવાટ યોગ્ય ન હોય લાઇટ તથા ગેસના કનેકશનો દૂર કરવા સંબંધિત દક્ષિણ ગુજરાત વીજ કંપની તથા ગુજરાત ગેસ કંપનીને જાણ કરવામાં આવેલ છે.

મોજે-અડાજણ(ગામતળ), નોંધ નં.૧૪/૧, સૂર્યકિરણ એપાર્ટમેન્ટ પૈકી કિરણ એપાર્ટમેન્ટ, પાદરીયા ગાર્ડન પાસે આવેલ મિલ્કતમાં વસવાટ ખાલી કરવા અંગે અત્રે ની કચેરીએથી વારંવાર નોટીસ આપી તથા રૂબરૂમાં જણાવવા છતાં વસવાટ ખાલી ન કરતાં આજરોજ ગ્રાઉન્ડ ફ્લોર+૪ માળની મિલ્કતમાં પાણી અને ડ્રેનેજની સુવિધાના જોડાણ કાપી નાખવામાં આવેલ છે તથા સદરહુ બિલ્ડિંગ વસવાટ યોગ્ય ન હોય લાઇટ તથા ગેસના કનેકશનો દૂર કરવા સંબંધિત દક્ષિણ ગુજરાત વીજ કંપની તથા ગુજરાત ગેસ કંપનીને જાણ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૧૮
તા. ૧૦/૦૭/૨૦૨૪